નેશનલ હાઈવે ઓથોરિટીની બેદરકારીના પગલે ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતા

# કપરાડાનો મુખ્ય માર્ગ બિસ્માર

**નેશન**લ હાઈવે ઓથોરિટીની બેદરકારીના કારણે મસમોટા ખાડા પડ્યા

**સરકારી** કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પાસે અકસ્માતનું જોખમ વધતા રોષ, વાહનચાલકો અને નાગરિકો મુશ્કેલીમાં

વલસાડ : નેશનલ હાઈવે ઓથોરિટીની બેદરકારીના પગલે ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતા અને 848 નંબર નેશનલ હાઈવે તરીકે ઓળખાતા આ માર્ગ ઉપર મુખ્ય મથક કપરાડાનો માર્ગ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. મસમોટા ગણી નહીં શકાય તેવા ખાડાઓને લઈ હજારો વાહનચાલકો, નોકરિયાતો, વેપારીઓ અને સ્થાનિક નાગરિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાઈવે તંત્ર થોડું કામ કરી સંતોષ માની લેશે. આ મુખ્ય માર્ગ પર જ તાલુકાની મહત્વની અને સંવેદનશીલ સરકારી કચેરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી હજારો લોકોની સુરક્ષા સામે મોટું જોખમ ઊભું થયું છે. તાલુકાના આગેવાનો કિરણભાઈ, ધીરુભાઈ ઠાકર્યા સહિતનાઓએ જણાવ્યું કે, તાલુકા મથક વિસ્તારમાંથી પસાર થતો નેશનલ હાઈવે બિસ્માર હોઈ વાહનચાલકો સાથે 108માં જતા દર્દીઓ અને વિદેશ કરી આ માર્ગ ઉપરની શાળાના વિદ્યાર્થીઓની સુરક્ષા સામે જોખમ ઉભુ થઈ રહ્યું છે. તાત્કાલિક આ માર્ગનું સમારકામ તંત્ર કરે તેવી અમારી માંગણી છે.

### વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ભય

આ માર્ગ ઉપર બે મોટી હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા અને બી.આર.સી. ભવન, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી અને પોલીસ મથક, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ભાજપ કાર્યાલય પણ આવેલા છે. દરરોજ હજારો વિદ્યાર્થીઓ શાળાએ જવા માટે આ ખખડધજ માર્ગનો ઉપયોગ કરે છે, જેથી તેમની સુરક્ષા સામે પણ ભય ઉભો થયો છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર આ જ રોડ પર હોવાથી દર્દીઓ અને એમ્બ્યુલન્સને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડે છે.

## પારડીમાં યુવતીની છેડતી કરનાર ઝડપાયો

પારડી : પારડીમાં સરકારી શૌચાલયમાં ગયેલી ૨૨ વર્ષીય યુવતીનો પીછો કરી, છેડતી કરનાર આધેડ સામે પારડી પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ગત ૫ ઓગસ્ટની રાત્રે યુવતી શૌચાલયમાં ગઈ ત્યારે મહેશ રામજીભાઈ પટેલ નામના આધેડે પીછો કરી બહાર અશ્લીલ ઈશારા કર્યા હતા અને બળજબરીથી હાથ પકડી છેડતી કરી હતી. યુવતીએ બૂમાબૂમ કરતા આરોપીએ હાથ મચકોડી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી છૂટ્યો હતો. ફળિયાના આગેવાનો સાથે ચર્ચા બાદ યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકમાં આધેડ આરોપીને ઝડપી પાડ્યો છે અને તેના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીના ધગડમાળમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ

પારડી : પારડીની શ્રી ડી.જે. પટેલ (ઉ.પં.) સાર્વજનિક હાઇસ્કૂલ, ધગડમાળ' માં પૂર અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે સુરતના દાનવીર દ્વારા શૈક્ષણિક સાધન-સામગ્રી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સુરતના દાનવીર જયસુખ ચિત્રોડા દ્વારા શાળાના ૩૦થી પણ વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપવામા આવી હતી. આ કિટમાં સ્કૂલ બેગ, નોટબુક, બોલપેન અને પેડ જેવી શિક્ષણ માટે ઉપયોગી તમામ સામગ્રી આપવામાં આવી હતી. આ પ્રસંગે દાતા જયસુખભાઇ ચિત્રોડાએ જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણ માટે જ્યારે પણ આવી જરૂરિયાત ઊભી થાય ત્યારે મદદ કરવી એ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે. શાળાના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ રાકેશ પટેલ તથા શાળા પરિવાર તરફથી દાનવીરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### વાપીમાં ૨૬.૫૦ કરોડના એમડી ડ્રગ્સ કેસમાં મટીરિયલ સપ્લાયરના જામીન રદ

વાપી : વાપીના ચલા રોડ પર આવેલા મનોજસિંગ ઠાકુરના બંગલામાં ગેરકાયદે રીતે મેફેડ્રોન (એમડી ડ્રગ્સ) બનાવવાની ફેક્ટરી ઝડપાયાના કેસમાં મટીરિયલ સપ્લાય કરનાર આરોપી નિલેશ શ્રીધર પાંડેની રેગ્યુલર જામીન અરજી પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી વલસાડ NDPS એક્ટ હેઠળના સ્પેશિયલ જજ નિપા રાવલની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. ચલા રોડ પર આવેલા મનોજસિંગ ઠાકુરના બંગલામાં ગેરકાયદે રીતે મેફેડ્રોન (એમડી ડ્રગ્સ) બનાવવાની ફેક્ટરી ઝડપાયાના કેસમાં પકડાયેલા આરોપી નિલેશ શ્રીધર પાન્ડે દ્વારા કરવામાં આવેલી જામીન અરજી સામે એ.ટી.એસ.ના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. દેસાઈએ સોગંદનામું રજૂ કરીને જામીન રદ કરવાની માંગ કરી હતી. દરોડા દરમિયાન રૂપિયા રદ.૫૦ કરોડની કિંમતનો ૫૩૦૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો, એ.ટી.એસ.ની તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી નિલેશ પાન્ડે મુખ્ય આરોપીઓ સાથે મળીને ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કાચો માલ, કેમિકલ્સ તથા સાધનો પૂરા પાડવામાં સામેલ હતો. મેફેડ્રોન ડ્રગ્સ બનાવવા માટે મટીરિયલ સપ્લાય કરનાર આરોપી નિલેશ શ્રીધર પાંડે સામે મહારાષ્ટ્રના થાણેમાં પણ એનડીપીએસ એક્ટ હેઠળ ગુના દાખલ થયો હતો. આ મામલામાં કોર્ટે આરોપી નિલેશ પાંડેની જામીન અરજી નામંજૂર કરી હતી.

### ગણદેવી તાલુકાની ૨૬ શાળાના ૨૯૯૪ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ

બીલીમોરા : ગણદેવી તાલુકાના સંબેલાધર વરસાદને કારણે આવેલા પૂરથી વિદ્યાર્થીઓની સ્કૂલ બેગ, પુસ્તકો, નોટબુકો અને જરૂરી શૈક્ષણિક દસ્તાવેજો પણ પૂરના પાણીમાં નષ્ટ થયા હતા. આ કરુણ પરિસ્થિતિમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘ દ્વારા શૈક્ષણિક સહાય મહાઅભિયાન હાથ ધરાયુ હતું. જેમાં બીલીમોરાની ૫ મળી તાલુકાની ૨૬ શાળાઓના કુલ ૨૯૯૪ વિદ્યાર્થીઓને ૧૧,૯૭૬ નોટબુકો, ૫,૮૮૮ પેન્સિલ તેમજ અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી ધરાવતી કીટ વિતરણ કરાઈ હતી. આ સેવા અભિયાનમાં ગણદેવી તાલુકા પત્રકાર સંઘ સાથે નવસારી જિલ્લા પોલીસ તંત્ર, નવસારી જિલ્લા ક્વોરી એસોસિએશન, બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ, શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર અને સ્વસ્તિક ચેરીટેબલ ટ્રસ્ટ બીલીમોરા, બીલીમોરા દાદુ માસ્ટરના ગણપતિ મંડળ સહિતની સેવાભાવી સંસ્થાઓ અને આગેવાનો જોડાયા હતા. ગણદેવી તાલુકા પત્રકાર સંઘે જણાવ્યું હતું કે માનવતા, સંવેદના અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર ગણદેવી તાલુકા પત્રકાર સંઘનું આ શૈક્ષણિક સહાય મહાઅભિયાન પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ બની રહ્યું છે.

### વાંસદા તાલુકામાં પાંચ નવી બસોનું લોકાર્પણ

વાંસદા: વાંસદા તાલુકાના બોર્ડર વિલેજ અને અંતરિયાળ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે વધુ સુલભ, સુરક્ષિત અને સમયસર પરિવહન સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી ભગવાન બિરસા મુંડા જનજાતિ ગૌરવ પરિવહન બસ સેવા અંતર્ગત ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)ની પાંચ નવી બસોનું વાંસદા બસ સ્ટેન્ડ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા પં. પ્રમુખ નિરાલીબેન નાયકના હસ્તે બસોનું લોકાર્પણ કરી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ હતું. કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી ડો. લોચન શાસ્ત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સરહદી અને આદિજાતિ વિસ્તારોના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે પરિવહન વ્યવસ્થાને સતત મજબૂત બનાવવામાં આવી રહી છે. ભગવાન બિરસા મુંડાના નામે શરૂ કરાયેલી આ બસ સેવા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કાર્યક્રમમાં તા. પં. પ્રમુખ કૌશિક પટેલ, જિ. પં. ઉપપ્રમુખ અર્જુન પટેલ, તાલુકા પ્રમુખ સંજય પટેલ, તાલુકા પંચાયત કારોબારી પ્રશાંત પટેલ, ઉપપ્રમુખ અજય ગામીત, જિ. પં. ચેરમેન કરસન ચૌધરી, પંચાયતના સભ્યો, હેમંત પટેલ અને ધર્મિષ્ટાબેન પટેલ, નિકેતન પટેલ, બિપિન પટેલ, મીનાક્ષીબેન, પંચાયતના સભ્યો, પીયૂષ પટેલ, કમલ સોલંકી, દીપ્તિબેન પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ધરમપુરમાં વિશ્વ આદિવાસી દિવસની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસની બેઠક

ધરમપુર : આગામી ૯ ઓગસ્ટે યોજાનારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી શાંતિપૂર્ણ અને કાયદાની મર્યાદામાં થાય તે હેતુથી ધરમપુર પોલીસ સ્ટેશન ખાતે એએસપી સંદીપ ટી.ના અધ્યક્ષસ્થાને તાલુકાના આગેવાનોની સંકલન બેઠક મળી હતી. બેઠકમાં પીઆઈ નિખિલભાઈ ભોયા, આપના પ્રદેશ મહામંત્રી કમલેશ પટેલ, બાંધકામ ચેરમેન સમીપ રાય, શિક્ષણ સમિતિના ચેરમેન નરેશ પટેલ, માજી સભ્ય ધીરજ પટેલ, તાજીયા કમિટીના પ્રમુખ સબીર શેખ, બાગ-બગીચા સમિતિના ચેરમેન ફહાદ બહનન, ઉત્તમ ગરાસિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. એએસપીએ જણાવ્યું હતું કે આ દિવસ આદિવાસી સંસ્કૃતિના ગૌરવ સાથે જોડાયેલો છે, તેથી ઉજવણીમાં પરંપરાગત ગીતો જ વગાડવા અને અશ્લીલ ગીતો પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. પોલીસે સ્પષ્ટ કર્યું કે અગાઉથી મંજૂરી લીધેલા સ્થળોએ જ ડીજે વગાડી શકાશે, વગર પરમિશનના ડીજે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરાશે.

### છીપવાડ ગરનાળામાં પાલિકાનો ટેમ્પો ફસાતાં ટ્રાફિકજામ

■ વલસાડના છીપવાડ ખાતે આવેલું ગરનાળું વાહનવ્યવહાર માટે ખુલ્લું મૂકાયા બાદ આજે વલસાડ નગરપાલિકાનો એક ટેમ્પો અચાનક તેમાં ફસાઈ ગયો હતો. આ ટેમ્પો ફસાઈ જવાના કારણે માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# દમણમાં રસ્તા પર વાહનો પાર્ક કરશો તો દંડ ભરવો પડશે

**'નો-પાર્કીંગ'માં** વાહન મુકનારનું વાહન ટોઈંગ કરી કાર્યવાહી આર.ટી.ઓ. વિભાગ કરશે

દમણ : સંઘપ્રદેશ દમણમાં હવે રસ્તાની બાજુએ ગમે ત્યાં વાહનો પાર્ક કરવા બદલ તંત્ર દ્વારા વાહનો ટોઈંગ કરવાની સાથે દંડ ફટકારવાની કાર્યવાહી કરશે. છેલ્લા ઘણા સમયથી ગમે તે જગ્યાએ રસ્તાની બાજુએ વાહનો પાર્ક થતાં હોવાના કારણે ટ્રાફીક સમસ્યા સર્જાતી હોવાને લઈ પ્રશાસને આ નિર્ણય લીધો છે.

છેલ્લા ઘણા સમયથી દમણ શહેરમાં ટ્રાફિકને લઈને અનેક સમસ્યા સર્જાવા પામતી હતી. જેમાં રસ્તાની બાજુએ આડેધડ વાહનો પાર્ક થતાં ટ્રાફીક સમસ્યા સર્જાતી હતી. ત્યારે દમણ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ બનાવવા અને માર્ગો પર થતાં ગેરકાયદે પાર્કિંગને નિયંત્રિત કરવા કડક કાર્યવાહી હાથ ધરવાના ભાગરૂપે નો પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્ક કરનારા વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરવાના અભિયાનને શરૂ કરી દીધું છે. જેમાં હવેથી રસ્તાની બાજુએ જો વાહનો પાર્ક થયેલા હશે તો વાહનોને ટોઈંગ કરી જપ્ત કરવાની કાર્યવાહી બાદ તેને પરિવહન કચેરીના પરિસરમાં લઈ જવાશે. જે બાદ વાહનચાલક દંડની નિર્ધારીત રકમની ભરપાઈ કરશે તે બાદ જ વાહન તે માલિકને પરત આપવામાં આવશે. આ માટે પરિવહન વિભાગ દ્વારા ગુજરાતમાંથી 4 થી 5 જેટલા ટોઈંગ વાહનો મંગાવવાની કામગિરી કરી દીધી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ માટે માઈક દ્વારા એનાઉન્સમેન્ટ દ્વારા લોકોને જાગૃત કરવાનો પ્રયાસ પણ હાથ ધર્યો છે.

# સુખાલામાં ડેપ્યુટી સરપંચે સરપંચનો ચાર્જ સંભાળ્યો

વલસાડ : સુખાલા ગ્રામ પંચાયતમાં શુક્રવારે યોજાયેલી સભામાં ડેપ્યુટી સરપંચ સુનિલ જાદવને સરપંચનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. ડેપ્યુટી સરપંચ સહિતના સભ્યોએ સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરી હતી. ત્યારબાદ સરપંચ શંકર પટેલે રાજીનામું સોંપ્યું હતું. સરપંચ શંકર પટેલ સામે તાલુકા વિકાસ અધિકારીને અવિશ્વાસની દરખાસ્તની નકલ મોકલી હતી. જે બાદ સરપંચે રાજીનામું આપ્યા બાદ ગ્રામજનોએ અવિશ્વાસની દરખાસ્ત સ્થગિત કરવા માંગણી કરી હતી. તાલુકા વિકાસ અધિકારીએ રાજીનામું મંજૂર કર્યા બાદ પત્ર દ્વારા ડેપ્યુટી સરપંચ સુનિલ જાધવને સરપંચનો ચાર્જ સોંપ્યો હતો. સરપંચ સુનિલભાઈએ તેમની ટીમ સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ રહેશે તેમ જણાવ્યું હતું.

# ગેસ કનેક્શન બંધ કરવાની ધમકી આપનારાથી સાવધાન રહો

**ઠગ** ટોળકીઓ દ્વારા સોશિયલ મિડિયામાં આવતી એ.પી.કે. ફાઈલ ડાઉનલોડ ન કરવા દમણ પોલીસની એડવાઈઝરી

દમણ : સંઘપ્રદેશ દમણમાં ગેસ કનેક્શન બંધ કરવાની ધમકી આપનારા સાયબર ઠગોથી સાવધાન રહેવા અને સોશિયલ મીડિયા મારફતે છેતરપિંડી કરનારાઓ દ્વારા મોકલવામાં આવતી કોઈપણ પ્રકારની એ.પી.કે. (APK) ફાઈલ ડાઉનલોડ ન કરવા માટે દમણ પોલીસે એક એડવાઈઝરી જારી કરી લોકોને સતર્ક રહેવા અપીલ કરી છે.

દમણ પોલીસના સાયબર ક્રાઈમ સેલ દ્વારા પ્રદેશના લોકોને સતર્કતા દાખવવા માટે જારી કરાયેલી એડવાઈઝરી મુજબ, હાલમાં જ અદાણી ગેસના નામે કેટલાક સાયબર ઠગો દ્વારા વોટ્સએપ મારફતે ગ્રાહકોને સંદેશ મોકલવામાં આવી રહ્યો છે. જેમાં પી.એન.જી. અને સી.એન.જી. ગેસ કનેક્શનના બાકી બિલના નાણાં ન ભરવાના બહાને મધ્યરાત્રિએ કનેક્શન બંધ કરવાની ધમકી આપી તાત્કાલિક નાણાં ભરવા માટે એક એ.પી.કે. ફાઈલ ડાઉનલોડ કરવા દબાણ કરવામાં આવે છે.

આ ફાઈલ ગ્રાહકના મોબાઈલમાં ઈન્સ્ટોલ થતાં જ એસ.એમ.એસ. અને ઓ.ટી.પી. સહિતની મહત્વની માહિતી ઠગબાજોના હાથમાં પહોંચી જાય છે. આ ઉપરાંત, બેંકિંગ સાથે જોડાયેલી વિગતો ચોરાવવાનું અને રિમોટ એક્સેસ મેળવવાનું પણ જોખમ રહેલું છે.

તેથી, દમણ પોલીસે નાગરિકોને કોઈપણ અજાણી એ.પી.કે. ફાઈલ ડાઉનલોડ ન કરવા, ફક્ત ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોર સિવાય અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી એપ્લિકેશન ડાઉનલોડ ન કરવા તથા રિમોટ એક્સેસવાળી એપ્લિકેશન ઈન્સ્ટોલ ન કરવા સૂચના આપી છે. જો ભૂલથી શંકાસ્પદ ફાઈલ ડાઉનલોડ થઈ ગઈ હોય, તો તાત્કાલિક મોબાઈલનું ઈન્ટરનેટ બંધ કરી શંકાસ્પદ એપ ડિલીટ કરવી, બેંકનો સંપર્ક કરી ખાતું અને કાર્ડ સુરક્ષિત કરવા તેમજ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવા અપીલ કરવામાં આવી છે.

## ગણદેવી એક્સપ્રેસ હાઈવે પાસે ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

બીલીમોરા : ગણદેવી પોલીસે ટ્રકમાં ગુપ્ત ખાનામાં છુપાવીને લઈ જવામાં આવતી વિદેશી દારૂની બોટલો અને ટીન બિયર મળી કુલ નંગ-૭૦૮ (કિંમત રૂપિયા ૨,૫૪,૮૮૦) જપ્ત કર્યા હતા. રૂપિયા ૧૦ લાખની ટાટા ટ્રક નં. જીજે ૨૪ વી ૨૯૩૧, મોબાઈલ અને સામાન રૂપિયા ૭,૩૧,૯૭૧ મળી કુલ રૂપિયા ૧૯,૯૧,૮૫૧ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આરોપીઓ રાકેશજી ગોપાલજી ઠાકોર અને રણજીતજી ગણેશજી ઠાકોર (૩૦) (બંને રહે.પાટણ)ની ધરપકડ કરી જથ્થો મંગાવનાર અને ભરી આપનાર ઈમરાન વિહારી (રહે. સિધ્ધપુર, પાટણ) અને અન્ય વિરુદ્ધ પણ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ ગણદેવી પોલીસ કરી રહી છે.

મસમોટા ખાડા અને ખુલ્લી ગટરોથી અકસ્માતનું જોખમ વધ્યું

# પારડી હાઈવે બન્યો 'ડેન્જર ઝોન'

**ખુલ્લા** ગટરના ઢાંકણા, તૂટેલી રેલિંગ, ખાડાઓના કારણે ચાલકોને થતો 'ડિસ્કો ડાન્સ'નો અનુભવ

પારડી : ચોમાસાની શરૂઆત સાથે જ તંત્રના દાવાઓની પોલ ખુલવા લાગી છે. પારડીમાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. ચોમાસા પૂર્વે જ જે માર્ગનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું, તે વરસાદમાં ધોવાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હલકી ગુણવત્તાવાળા કામને કારણે રસ્તાઓ પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેને લઈને ભ્રષ્ટાચારની બૂ આવી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

દક્ષિણ ગુજરાતને જોડતો અત્યંત વ્યસ્ત એવો નેશનલ હાઈવે ૪૮ અત્યારે વાહનચાલકો માટે આફતરૂપ બની ગયો છે. ખાસ કરીને પારડી મહેતા હોસ્પિટલ સામેનો વિસ્તાર તેમજ પ્રજાપતિ હોલ અને સર્વિસ રોડ આસપાસનો વિસ્તાર અત્યારે અકસ્માત ઝોન બની ચૂક્યો છે. હાઈવે ઓથોરિટી દ્વારા માત્ર થોડા દિવસો અગાઉ લીપાપોતીની કામગીરી કરીને માર્ગ સરખો કરવાનો ડોળ કરાયો હતો, જે ટૂંકા સમયમાં જ પુનઃ બિસ્માર બની ગયો છે. ચીખલીથી લઈને ઉમરગામ સુધીના સમગ્ર નેશનલ હાઈવે ૪૮ ની હાલત દયનીય બની ગઈ છે.

પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલ હળપતિએ જણાવ્યું કે, ખાડાઓના કારણે વાહનચાલકો કમર અને પીઠના રોગનો ભોગ બની રહ્યા છે. ખુલ્લા ગટરના ઢાંકણા અને તૂટેલી રેલિંગથી હોનારતો સર્જાય છે. તાજેતરમાં શાળાનો વિદ્યાર્થી સાયકલ સાથે ગટરમાં ખાબક્યો હતો, ભૂતકાળમાં પણ આ અકસ્માત ઝોનમાં લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. સ્થાનિક તંત્ર તેમજ હાઈવે ઓથોરિટીને વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી.

# ડ્રગ્સના આરોપીના પરિવારના 6 ફ્લેટ સહિત ૮૮ લાખની સંપત્તિ ફ્રીઝ

**સેલવાસના** બાવિસા ફળિયાનો સાકિબ ઇમરાન ખાન ગાંજાનો મુખ્ય સપ્લાયર હોવાનું ખુલ્યું હતું

વાપી : દાદરા નગર હવેલી પોલીસે નશીલા પદાર્થોના ગેરકાયદેસર કારોબાર સામે મોટી સફળતા મેળવતા આશરે ૮૮ લાખની સંપત્તિ ફ્રીઝ (સીઝ) કરી છે.

આ કાર્યવાહી ૩૦ મે ૨૦૨૬ના રોજ સાયલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસના અનુસંધાનમાં કરવામાં આવી છે, જેમાં આરોપી રાહુલ સૂરજ સિંહ પાસેથી ૧,૩૭૮ ગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન સેલવાસના બાવિસા ફળિયાના રહીશ સાકિબ ઈમરાન ખાન મુખ્ય સપ્લાયર હોવાનું ખુલ્યું હતું, જે અગાઉ પણ NDPSના અન્ય બે કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યો છે. નાણાકીય તપાસમાં સામે આવ્યું કે, આરોપી સાકિબ ખાનના પરિવારે કાયદેસરની આવકની સરખામણી એ બિનહિસાબી રીતે ૬ રહેણાંક ફ્લેટ, ૨ કોમર્શિયલ વાહનો અને બેંક ખાતાઓમાં મોટી રકમ જમા કરાવી હતી.

પુરાવાઓના આધારે પોલીસે આરોપી અને તેના પરિવારજનોના નામે રહેલા ૬ ફ્લેટ, ૨ વાહનો અને અનેક બેંક ખાતાઓ સહિત કુલ ૮૮ લાખની સંપત્તિ ફ્રીઝ કરી દીધી છે. દાદરા અને નગર અવેલી પોલીસે સ્પષ્ટ કર્યું છે કે, ડ્રગ્સના નેટવર્કને નાબૂદ કરવા માટે ગેરકાયદેસર કમાણી દ્વારા ઉભી કરાયેલી સંપત્તિ સામે પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.